Saturday
15.06.2024
વિશ્વાસથી વિકાસ યાત્રા
✱Volume :8 ✱ Issue No.325
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✱Managing Editor: Arjun Sondarva

✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

G7 શિખર સંમેલન દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ સાથે પ્રધાનમંત્રીની મુલાકાત

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ફ્રેંચ રિપબ્લિકના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીએમેન્યુઅલ મેક્રોને, આજે ઈટાલીના અપુલિયામાં ૨૭ શિખર સંમેલનની સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી, PMએ સતત ત્રીજી વખત કાર્યભાર સંભાળવા બદલ રાષ્ટ્રપતિ મેક્રોનનો તેમની ઉષ્માભરી શુભેચ્છાઓ બદલ આભાર માન્યો.

બંને નેતાઓએ 'હોરાઈઝન ૨૦૪૭' રોડમેપ અને ઈન્ડો-પેસિફિક રોડમેપપર ધ્યાન કેન્દ્રિત કરીને ભારત-ફ્રાન્સ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષાકરી. ચર્ચાઓમાં સંરક્ષણ, પરમાણુ, અવકાશ, શિક્ષણ, કલાઈમેટ એક્શન, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને રાષ્ટ્રીય સંગ્રહાલય ભાગીદારી જેવી સાંસ્કૃતિક પહેલ અને લોકો-થી-લોકોના સંબંધો વધારવામાં સહયોગનોસમાવેશ થાય છે. તેઓ 'મેક ઈન ઈન્ડિયા' પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને વ્યૂહાત્મક સંરક્ષણ સહયોગને વધુ તીવ્રબનાવવાસંમત થયા હતા. ૨૦૨૫માં ફ્રાન્સમાં આયોજિત થનારી આગામી છૈં સમિટ અને સંયુક્ત રાષ્ટ્ર મહાસાગર પરિષદના સંદર્ભમાં નજીકથી કામ કરતી વખતેતેઓછૈં, નિર્ણાયક અને ઉભરતી તકનીકો, ઉર્જા અને રમતગમતના ક્ષેત્રોમાં સહકારને વિસ્તારવા માટે પણ સંમત થયા હતા.

બંને નેતાઓએ મુખ્ય વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત અને ફ્રાન્સ વચ્ચે મજબૂત અને વિશ્વાસપાત્ર વ્યૂહાત્મક ભાગીદારીસ્થિર અનેસમૃદ્ધ વૈશ્વિક વ્યવસ્થા માટે નિર્ણાયક છૈઅને તેને વધુ ઊંચાઈ સુધી પહોંચાડવા માટે નજીકથી કામ કરવા સંમત થયા હતા. પ્રધાનમંત્રીએ આગામીપેરિસ ઓલિમ્પિક અને પેરાલિમ્પિક ગેમ્સ માટે રાષ્ટ્રપતિમેક્રોનને શુભેચ્છાઓ પાઠવીહતી.

પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખેતી કરતાં ઉત્પાદન ઓછું મળે છેએવી માન્યતા-ધારણા તદ્દન ખોટી : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે રાજભવનમાં ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,

પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં રાસાયણિક ખેતી પદ્ધતિ કરતાં ઉત્પાદન ઓછું મળે છે એવી માન્યતા અને ધારણા તદ્દન ખોટી છે. પ્રાકૃતિક ખેતીપદ્ધતિ બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદન-વરાપ અને મિશ્ર પાક આ પાંચ આયામોથી અપનાવવામાં આવેતો ઉત્પાદન રાસાયણિક ખેતી પદ્ધતિ કરતાં વધુ અને વધુ ગુણવત્તાસભર મળેછે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ માટે તાલીમ અનિવાર્ય છે. સમગ્ર ગુજરાતમાં પાંચ-પાંચ ગામોના કલસ્ટર્સ બનાવીને રાજ્યના તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ અપાશે. પ્રત્યેક ગામમાં એક પ્રાકૃતિક કૃષિ સખી બહેન ગામની મહિલા ખેડૂતોને માર્ગદર્શન આપશે. ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે આજે રાજભવનમાં ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સમગ્ર ભારતમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનો વ્યાપવધેએ દિશામાં કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર 'સ્ટેટપ્રોજેક્ટ' તરીકે પ્રાધાન્ય આપીને પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર વધારવા ગંભીરતાથી કામગીરી કરી રહી છે ત્યારે વહીવટી તંત્રના પ્રમાણિક અને પરિણામલક્ષી પ્રયાસોની તથા ખેડૂતોના પ્રોત્સાહક પ્રતિભાવની આવશ્યકતા છે. ખેડૂતો પ્રત્યક્ષ નિદર્શન અને અન્ય ખેડૂતોના અનુભવને અનુસરીને પછી જ નિર્ણય કરતા હોય છે, એટલે ગુજરાતમાં તમામ ગામોમાં પ્રાકૃતિક ખેતીપદ્ધતિના પંચસ્તરીય મોડલ ફાર્મતૈયાર કરાશે. આ માટે રાજ્ય સરકાર આર્થિક સહયોગ પણ આપશે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપતા ફાર્મર માસ્ટર ટ્રેનરને પણ રાજ્ય સરકાર આર્થિક પુરસ્કાર આપશે. ગુજરાતની કૃષિયુનિવર્સિટીઓ પણ પોતપોતાના વિસ્તારમાં જાગૃત ખેડૂતોના ખેતરમાં અમુક વિસ્તારમાં પ્રાકૃતિક ખેતીનું મોડલ તૈયાર કરીને અન્ય કિસાનોને

ગુજરાતમાં પાંચ-પાંચ ગામોના કલસ્ટર્સ બનાવીને રાજ્યના તમામ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ અપાશે

માર્ગદર્શન આપશે. ગુજરાતની પાંજરાપોળ અને ગૌશાળાઓ દેશી ગાયના ગોબર-ગોમૂત્રમાંથી જીવામૃત અને ઘનજીવામૃત તૈયાર કરીને જરૂરિયાતમંદ ખેડૂતોને વાજબી દરે આપશે. આ માટે સુચારુ યોજના તૈયાર કરાઈ રહી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જીવામૃત અને ઘનજીવામૃતની ગુણવત્તા અને ઉત્પાદનક્ષમતા જળવાય તે માટે યોગ્ય માર્ગદર્શન અધિકારીને જવાબદારી સોંપમાં સૂચના આપી હતી. આ બેઠકમાં કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એ. કે. રાકેશ, રાજ્યપાલશ્રીના અગ્ર સચિવ શ્રી રાજેશ માંજુ, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીના શ્રી મનીષ બંસલ, તમામ કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ, આત્મા અને કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ, પ્રાકૃતિક કૃષિના રાજ્ય સંયોજક શ્રી પ્રફુલભાઈ સેંજલીયા અને રાજ્યના આગેવાન ખેડૂતો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યાહતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેડા તાલુકા સેવા સદનની આકસ્મિક મુલાકાત લીધી

મુખ્યમંત્રીશ્રીએ ખેડા તાલુકા સેવા સદનની દફતર ચકાસણી કરી કામગીરીની સમીક્ષા કરી

રાજ્યના લોકોની સુખાકારી અને સલામતીની ખાતરી માટે ગ્રાઉન્ડ લેવલની સમીક્ષા કરી

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભુપેન્દ્ર પટેલ શુક્રવારે સવારે આણંદ જિલ્લાના સારસા ગામની પોતાની મુલાકાત પૂર્ણ કરી ખેડાતાલુકા સેવાસદનની ઓચિંતી મુલાકાત પહોંચ્યા હતા. કોઈ પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ વિના ખેડા તાલુકાસેવાસદનની મુલાકાતે પહોંચેલા મુખ્ય મંત્રીશ્રીએ દફતર ચકાસણી કરી કચેરીના અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓની કામગીરીની સમીક્ષાકરી હતી. રાજ્યના તમામ નાગરિકોની સુખાકારી અને સલામતીની ચિંતાકરતા મુખ્ય મંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે ખેડાતાલુકા સેવા સદનની ઓચિંતી મુલાકાત લઈ કચેરી કામગીરીની ગ્રાઉન્ડ લેવલની સમીક્ષા કરી ઉત્તમ નેતૃત્વનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. કચેરી તથા અધિકારીઓની કામગીરીની સમીક્ષા બાદ મુખ્ય મંત્રીશ્રીએ જિલ્લા કલેક્ટર શ્રીઅમિત પ્રકાશ યાદવને જિલ્લાના નાગરિકોને ઉત્તમ સેવાઓ મળી રહે તે માટે જિલ્લા વ્યવસ્થાપન અંગેના જરૂરી માર્ગદર્શક સૂચનો આપ્યાહતા. આ મુલાકાત દરમિયાન રાજ્યના ચીફ સેક્રેટરી શ્રી રાજ કુમાર, મહેસૂલ અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસ મુખ્ય મંત્રીશ્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા.

આણંદ જિલ્લાના સારસાના ગ્રામજનોએ પોતિકી સરકાર-પોતાના મુખ્યમંત્રીની લાગણી અનુભવી

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આણંદ જિલ્લાના સારસાના લોકોની રજૂઆતો-પ્રશ્નો સાંભળવા સારસા ગામની મુલાકાતે પહોંચ્યા

વિવિધ યોજનાકીય લાભોના ૧૦ જેટલા ચેકોનું લાભાર્થીઓને મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિતરણ

ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો પ્રત્યે હકારાત્મક વલણની હૈયાધારણા આપી

કમલમ્ ન્યુઝ,

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સરળ-સહજ વ્યક્તિત્વ અને જનસેવક તરીકેની અનોખી જનસંવેદનાનો વધુ એક પરિચય આણંદ જિલ્લાના સારસાના ગ્રામજનોને થયોહતો. શ્રી ભૂપેન્દ્ર પટેલે મૃદુ, મક્કમ અને નિર્ણાયક મુખ્યમંત્રી તરીકેમેળવેલી લોકચાહના તેમની શુક્રવારે સારસાની મુલાકાતથી વધુ પ્રબળ બની છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલ શુક્રવારે ,૧૪મીજૂને સવારે રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, મહેસૂલ વિભાગનાઅધિક મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ તથા મુખ્યમંત્રીશ્રીના OSD શ્રીધીરજ પારેખ સાથે સારસા ગામે પહોંચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સારસામાં સ્વાગતની કોઈ જ ઔપચારિકતા વિના ગ્રામજનો સાથે સીધો જ સંવાદ સાધ્યો હતો. ગ્રામજનોએ મુખ્ય મંત્રીશ્રી સમક્ષ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં બેડની સુવિધા વધારવા, આણંદ સારસાને જોડતા રસ્તાની મરામત કરવા, ખેડૂતોને મળતી ટ્રેક્ટર સહાય અંગે, સખી મંડળોને આર્થિક પ્રવૃત્તિ માટે જગ્યા ફાળવવા, ગ્રામ પંચાયતને આપવામાં આવતી સ્વચ્છતા ગ્રાન્ટમાં વધારો કરવા વગેરે પ્રશ્નો રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામજનોના પ્રશ્નોનો ત્વરાએ ઉકેલ લાવવા સ્થળ પર જ મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી અને જિલ્લાના તંત્ર વાહકોને સૂચનાઓ આપી હતી. ગ્રામજનો દ્વારા રજૂકરવામાં આવેલાપ્રશ્નો પ્રત્યે હકારાત્મક વલણની હૈયાધારણા પણ તેમણે ગ્રામજનોને આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ સરકારી કચેરીઓમાં આવતા અરજદારોને પોતાના કામ માટે ધક્કા ખાવા ન પડે એટલુ જ નહિં, તેમનું માન-સન્માન જળવાય અને કચેરીમાંથી અરજદાર બહાર નીકળે ત્યારે તેના ચહેરા પરસંતોષનું સ્મિતહોય એવી કાર્ય સંસ્કૃતિ વિકસાવવા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓને અનુરોધકર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતત ત્રીજીવાર વડાપ્રધાન તરીકે પદભાર સંભાળતાની સાથે જ ત્રણ કરોડ નવા આવાસો આપવાની મંજૂરી આપી છે અને જરૂરતમંદ લોકોને પાકું આવાસ છત્રમળે તે સુનિશ્ચિત કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વીજળી બિલમાંથી મુક્તિ માટે સારસા ગામમાં તમામ ઘરોમાં પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ સોલાર પેનલ લગાવવા માટે ગ્રામજનોને પ્રેરણાઆપી હતી રાજ્ય સરકારના વિવિધ ૧૦ જેટલા યોજનાકીય લાભોના ચેક અનેસાધન સહાયનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે સારસા ગ્રામ પંચાયત મુલાકાત લીધી હતી અને ગ્રામ પંચાયત પટાંગણમાં વૃક્ષારોપણ કર્યું હતું. મુખ્ય મંત્રીશ્રીએ સારસા સ્થિત સત કેવલ મંદિરની મુલાકાત લઈ દર્શન અર્ચન કર્યા હતા. ગાદીપતિ શ્રી અવિચલદાસજી મહારાજે મુખ્યમંત્રીશ્રીનો આવકાર કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીની સાદગી, સહજતા અને ગ્રામીણ નાગરિકો સાથેના ઉષ્માપૂર્ણ વ્યવહારથી ગ્રામજનોએ પોતીકી સરકારના પોતાના મુખ્યમંત્રીનો સંતોષ ભાવ અનુભવ્યોહતો. આપ્રસંગે નાયબ મુખ્ય દંડક રમણભાઈ સોલંકી, સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્યો સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, ચિરાગભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રાજેશભાઈ પટેલ, પદાધિકારીઓ, સરપંચશ્રી કિરીટભાઈ પટેલ, પદાધિકારીઓ, કલેકટર પ્રવીણ ચૌધરી, જિલ્લા વિકાસ અધિકારી મિલિન્દ બાપના સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

પ્રાકૃતિક કૃષિ કઈ રીતે ખેડૂતોને મદદરૂપ થાય છે અને ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવી કઈ રીતે ઉન્નતી કરી શકે છે તે અંગે જામનગર જિલ્લાના ખેડૂત શ્રી ભાવેશભાઈ નંદાએ પોતાનો અભિપ્રાય વ્યકત કર્યો છે. પ્રાકૃતિક કૃષિ થકી ખેત ઉત્પાદનોનુ મુલ્યવર્ધન થતા ખેડૂતોને આર્થિક રીતે ખૂબ ફાયદો થાય છે. સાથે સાથે સ્વસ્થ સમાજના નિર્માણ માટે પણ પ્રાકૃતિક કૃષિ આધારભૂત ભૂમિકા ભજવે છે. જેથી જિલ્લાના સૌ ખેડૂત ભાઈઓ ગૌ આધારીત પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે ભાવેશભાઈ નંદા દ્વારા અનુરોધ કરાયો છે. આ અંગે વર્ષ ૨૦૧૯ થી પ્રાકૃતિક કૃષિ સાથે જોડાયેલ જામનગર જિલ્લાના દડિયા ગામના ખેડૂત શ્રી ભાવેશભાઈ નંદા જણાવે છે કે પહેલા હું પણ રાસાયણિક ખેતી કરતો હતો. રાસાયણિક ખેતીથી ખર્ચ વધુ આવતો અને ઉત્પાદન ઓછું મળતું અને જણસના પુરા ભાવો પણ મળતા ન હતા. ત્યારબાદ હું જામનગર જિલ્લામાં ચાલતા આત્મા પ્રોજેકટ સાથે જોડાયો અને મને પ્રાકૃતિક ખેતીના લાભોની આ પ્રોજેકટના માધ્યમથી જાણકારી મળી. રાજ્ય સરકાર તથા આત્મા પ્રોજેકટના માધ્યમથીમેં જામનગર જિલ્લા તથા જિલ્લાની બહાર કૃષિલક્ષી પ્રવાસો કર્યા અને પ્રાકૃતિક ખેતીથી ખેડૂતો કઈ રીતેસફળ થઈ રહ્યા છે તેની જાણકારીમેળવી અને પ્રાકૃતિક કૃષિ અંગેની પૂરતી તાલીમ લીધી ત્યારબાદ મેં રાસાયણિક ખેતી ત્યજી પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ધાર કર્યો. આજે મારા ઉત્પાદનોનુ હું જાતે જ વેચાણ કરું છું અને મારા ઉત્પાદનોનું ખૂબ જ સારું મૂલ્યવર્ધન થઈ રહ્યું છે. જેથી મને આર્થિક રીતે ખુબ જ સારો ફાયદો થઈ રહ્યો છે. આત્માદ્વારા જામનગરના એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે દર શનિવારે પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોની બજાર ભરાય છે જ્યાં મને નિઃશુલ્ક જગ્યા ફાળવવામાં આવી છે. ત્યાં હું મારા આ ઉત્પાદનો ખૂબ જ સારા ભાવે વહેંચી શકુ છુ. આથી જિલ્લાના તમામ ખેડૂત ભાઈઓને પણ પ્રાકૃતિક કૃષિ તરફ વળવા મારી અપીલ છે. આ માટે પ્રારંભિક તબક્કામાં થોડી જમીનથી શરૂઆત કરી શકાય. પ્રાકૃતિક ખેતી કરવાથી આપણી જમીન સુધરે છે, ચોખ્ખો ખોરાક મળે છે અને કૃષિ ખર્ચ ઘટે છે તો બીજી તરફ ઉત્પાદનના સારા ભાવો પણ મળે છે અને સમાજને પણ કેન્સર, ડાયાબિટીસ જેવા ગંભીર રોગોથી મુક્તિ મળે છે.

૧૪ જૂન - "વિશ્વ રકતદાતા દિવસ" રકતદાનના શતકવીરોના નિયમિત રકતદાનથી મળતા પ્લેટલેટ્સ, પ્લાઝમા અને રેડ સેલથી અનેક લોકોને મળેલું જીવનદાન



કમલમ્ ન્યુઝ,

વિશ્વભરમાં ૧૪ જૂનની "વિશ્વ રકતદાતા દિવસ" તરીકે ઉજવણી કરવામાં આવે છે. જે ઓસ્ટ્રિયાના જીવવિજ્ઞાની, ચિકિત્સક અને આધુનિક રકત તબદિલીના સ્થાપક કાર્લ લેન્ડસ્ટીનરની જન્મજયંતિ નિમિત્તે ૧૪જૂન ૧૮૬૮થી કરવામાં આવે છે. તેઓબ્લડગૃપના વર્ગીકરણની આધુનિક પદ્ધતિ એ,બી,ઓ રકતજૂથના શોધક હતા, જેનાથી ડૉક્ટર્સ દર્દીના જીવને જોખમમાં મૂક્યા વિના રકત તબદિલી કરાવવા સક્ષમ બન્યા છે. તેમને વર્ષ ૧૯૩૦માં નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યોહતો. વર્ષ - ૨૦૦૫માં પ્રથમ વખત "વિશ્વ રકતદાતા દિવસ"નું આયોજન કરાયું હતું. રાજકોટવાસીઓમાંપણ રકતદાન અંગે વધુને વધુ જાગૃતિ આવે તે માટે રાજકોટની જૂની કલેકટર કચેરી ખાતે અને શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા કાલાવડ રોડ, છાપરા ખાતે બ્લડ ડોનેશન કેમ્પના આયોજનથી રક્તદાતા દિવસની ઉજવણી કરાશે. વિશ્વ રકતદાતા દિવસની આ વર્ષની થીમ છે: "ડોનેટ બ્લડ, ડોનેટ પ્લાઝમા, શેર લાઈફ, શેર ઓફન", આ થીમ આધારિત એવા દર્દીઓ પર ભાર મુકવામાં આવ્યો છે, જેમને જીવનભર રકત અથવા પ્લાઝમાની જરૂર હોય. આ દિવસની ઉજવણી વિશ્વભરમાં ઠેર-ઠેર રક્તદાન કરીને ઉજવવામાં આવે છે. રાજકોટના રકતદાન કરનારા શતકવીરોમાં રાજકોટની શ્રીમદ રાજચંદ્ર સંસ્થામાં કાર્યરત વિનય ભાઈ જસાણીએ ૧૫૫થી વધુ વખત રકતદાન કર્યું છે. તેમણે માત્ર ૧૯ વર્ષની વયથી રકતદાન કરવાની શરૂઆત કરી હતી. વિનયભાઈએ તેમના મોટાભાઈને થેલેસેમિયાના દર્દીઓ માટે રકતદાન કરતા જોઈ રકતદાનના સેવાકાર્યમાં જોડાવાની શરૂઆત કરીહતી. તેઓનિયમિત સમયાંતરે પોતાના કુટુંબ, મિત્ર વર્તુળમાં પણ રકતદાન કેમ્પનુંઆયોજન કરીને વધુને વધુ લોકોને રક્તદાન કરવા પ્રેરિત કરતા રહ્યા છે. તેમની સંસ્થા અનેકવિધ કેમ્પ કરીને મહિનાની આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ બોટલ રકત ભેગુ કરીને સિવિલ હોસ્પિટલને સોંપે છે, જેનાથી થેલેસેમિયાના દર્દીઓને મદદરૂપ થવાય છે. શતકવીર રકતદાતા બનનારા અને સાચા અર્થમાં રકતદાતા દિવસના પ્રેરણા સ્વરૂપ મહેશભાઈ જુરિયાણી ૭૦% દિવ્યાંગતિ છતાં ૧૦૪ વખત રક્તદાન કરી લોકોનું જીવન બચાવવામાં સહભાગી બન્યા છે. આ સેવાયજ્ઞનો આરંભ વર્ષ ૧૯૯૮થી થયો હતો. તેમના મિત્રના પુત્ર થેલેસેમિયાથી પીડિત હોવાથી તેને મદદરૂપ થવા સૌથી પહેલા રકતદાન કરવાની પ્રેરણા મળી હતી. ૪૫ વર્ષીય મહેશભાઈ પી.જી.વી.સી.એલ.માં કેશિયર તરીકે ફરજ બજાવે છે. મહેશભાઈની સાથોસાથ તેમના પત્ની રેશ્માબેને પણ દિવ્યાંગ હોવા છતાં ૨૫ વખત રકતદાન કર્યુંછે. આ દિવ્યાંગ દંપતી સમાજમાં અન્ય લોકો માટે પ્રેરણા બન્યુ છે. વધુમાં મહેશભાઈએ જણાવ્યું હતું કે હું દિવ્યાંગ છું પણ સમાજમાંથી ઘણો સપોર્ટ મળે છે. આથી, સમાજ પ્રત્યે મારું પણ ઉત્તરદાયિત્વ છે કે મારે પણ સમાજને રીટર્ન આપવું જોઈએ. અને હું રકતદાન કરી શકતો હોઉં તો આજનો યુવા રકતદાન કરવા સક્ષમ છે. એવા બીજા શતકવીર ૫૩ વર્ષીય નીરજભાઈ જાની પ્રકૃતિ પ્રેમી, દરિયા પ્રેમી અને વ્યાયામ શિક્ષક છે, જેમણે ૧૮ વર્ષની ઉંમરથી જ રક્તદાન કરવાની શરૂઆત કરી હતી. એમના જણાવ્યામુજબ આજદિન સુધીમાં લગભગ ૧૦૧થી વધુ વખત રકતદાન કર્યુંછે. નીરજભાઈએ મિત્રવર્તુળ અને કુટુંબીજનોને રકતદાન માટે પ્રેરિત કર્યાછે. તેઓ રાજીવ ગાંધી ગોલ્ડ કપ જુડોમાં રાષ્ટ્રીય કક્ષાએ વિજેતા રહી ચુકેલા છે. એ સમયે નીરજભાઈએ છ થી સાત કલાક શારીરિક શ્રમ કર્યા બાદ પણ રક્તદાન કર્યું છે અને ક્યારેય પણ તેમને શારીરિક તકલીફ નથી પડી. રાષ્ટ્રીય કક્ષાની રમત માટે પ્રેક્ટીસ કરવા ખુબ શારીરિક શ્રમ કરવા છતાં પણ શારીરિક રીતે નબળા પડવાની કે અન્ય કોઈ તકલીફ પડી નથી. નીરજભાઈએ વર્ષમાં સરેરાશ ત્રણ વખત નિયમિત રકતદાન કર્યું છે

ડાંગ જિલ્લા સેવા સદન ખાતે યોજાઈ ઉચ્ચસ્તરીય બેઠક

સ્કુલ ચલે હમ:તા.૨૭ થી ૨૯ જૂન દરમ્યાન યોજાશે 'શાળા પ્રવેશોત્સવ'



કમલમ્ ન્યુઝ,આહવા

રાજ્ય સમસ્તમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે પ્રતિવર્ષ યોજાતા 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની શૃંખલાનો વધુ એક કાર્યક્રમ આગામી તા. ૨૭ થી ૨૯ જૂન-૨૦૨૪ દરમ્યાન આયોજિત કરાયો છે. દરમ્યાન રાજ્યના છેવાડે આવેલા સરહદી ડાંગ જિલ્લામાંપણ આ કાર્યક્રમનું સૂચારુ અને પરિણામલક્ષી આયોજન કરવાની હિમાયત કરતા, ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે જિલ્લા અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતા. ડાંગજિલ્લા સેવાસદન ખાતે યોજાયેલીએક ઉચ્ચસ્તરીય બેઠકને સંબોધતા કલેકટર શ્રીમહેશ પટેલે, આ કાર્યરૂપને વધુ લોકભોગ્ય બનાવવામાટે સૌનેપરસ્પર સંકલન અને સહયોગસાથે કાર્યવાહી હાથ ધરવાની અપીલ કરી હતી. દરમ્યાનજિલ્લાવિકાસઅધિકારી શ્રી રાજ સૂથારે તમામ પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓ આંગણવાડીઓમા પણ યોજાનાર પ્રવેશોત્સવનું સૂક્ષ્મ આયોજન ઘડી કાઢવાની અપીલ કરીહતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી જિગ્નેશ ત્રિવેદીએ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમની સાથે સાથે આયોજિત, વૃક્ષારોપણ/શૈક્ષણિક કીટ વિતરણ સહિતના કાર્યક્રમો તથા રાજ્ય અને જિલ્લા કક્ષાએથી પધારનાર મહાનુભાવોના રુટ પ્લાન વગેરે બાબતે હાથ ધરવામાં આવી રહેલી કાર્યવાહીનો ચિતાર રજૂ કર્યોહતો. બેઠકમાંડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ નિર્મળાબેન ગાઈન, જિલ્લા પંચાયત શિક્ષણસમિતિના અધ્યક્ષ શ્રીમતિ બીબીબેન ચૌધરી સહિત નાયબ વન સરક્ષક શ્રી દિનેશ રબારી, ડાયટના પ્રાચાર્યશ્રી ડો.બી.એમ.રાઉત સહિતના અધિકારીઓ, તથા સમિતિ સભ્યોએ ઉપસ્થિત રહી ચર્ચામાં ભાગ લીધો હતો.

જામનગર કલેકટર કચેરી ખાતે કર્મયોગીઓ દ્વારા "વિશ્વ રકતદાતા દિવસ" નિમિત્તે શપથ ગ્રહણ કરાયા

કમલમ્ ન્યુઝ,જામનગર,

દર વર્ષે તારીખ ૧૪ મી જુનના રોજ "વિશ્વ રકતદાતા દિવસ/વર્લ્ડ બ્લડ ડોનર ડે" નિમિત્તે રાજ્યની તમામ કચેરીઓમાં શપથ ગ્રહણ કરવામાં આવે છે. જેના ભાગરૂપે જામનગર કલેકટર કચેરી ખાતે જિલ્લા કલેકટર બી.કે.પંડયા સહિત ઉપસ્થિત કર્મયોગીઓએ રકતદાન ઝુંબેશનો વ્યાપ વધારવા અને તેમાં યોગદાન આપવા માટે સત્યનિષ્ઠા સાથે શપથ ગ્રહણ કર્યા હતા. કેન્દ્ર સરકાર દ્વારા આ વર્ષે "૨૦ યર્સ ઓફ સેલિબ્રેટિંગ ગિવિંગ : થેંક યુ બ્લડ ડોનર્સ" થીમ નક્કી કરવામાં આવી છે. આજના દિવસે રાજ્યમાં સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, મેડિકલ કોલેજીઝ, બ્લડ બેંકો અને ખાનગી હોસ્પિટલ્સ દ્વારા સાથે મળીને ગ્રુપ બ્લડ ટેસ્ટિંગ એક્ટિવિટીઝનું આયોજન કરવામાં આવ્યું છે. જેથી સામાન્ય નાગરિકો તેમના બ્લડ ગ્રુપ વિષે જાણકારી મેળવી શકે અને આકસ્મિક સંજોગોમાં રકતદાન કરવા માટે તેઓ પ્રેરિત બને. સ્વૈચ્છિક અને નિયમિત રકતદાન કરવું એ માનવ કલ્યાનું સર્વોત્તમ કાર્યછે. આ શપથ ગ્રહણ સમારોહ દરમિયાન નિવાસી અધિક કલેકટર બી.એન.ખેર તેમજ કલેકટર કચેરીની વિવિધ શાખાના અધિકારીગણ અને કર્મચારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

ઘુંટુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કેન્સર અંગેના સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરાયું

નિષ્ણાંત ડોક્ટર્સની ટીમ દ્વારા કુલ ૧૪૦ વ્યક્તિઓનું સ્ક્રીનીંગ કરાયું; શંકાસ્પદ કેસના સેમ્પલ રાજકોટ/અમદાવાદ રીફર કરાયા

કમલમ્ ન્યુઝ,મોરબી

મોરબી જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિ તથા મુખ્ય જિલ્લાઆરોગ્ય અધિકારીશ્રી કવિતાબેન દવેના સીધા માર્ગદર્શન હેઠળ ડીસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સેલ અને તાલુકા હેલ્થ ઓફિસ મોરબી દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઘુંટુ ખાતે કેન્સર રોગ અંગેના સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ગુજરાત કેન્સર રિચર્સ ઈન્સ્ટીટ્યુટ અમદાવાદ તથા સૌરાષ્ટ્ર કેન્સર કેર રાજકોટ ખાતેથી કેન્સર રોગનાં નિષ્ણાંત ડોકટર્સ હાજર રહ્યા હતા. આ સ્ક્રીનીંગ કેમ્પમાં આજુબાજુનાં ગામડામાંથી તથા કારખાનામાંથી આવેલ કુલ ૧૪૦ વ્યકિતઓનું નિષ્ણાંત ડોકટર્સની ટીમ દ્વારા સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ઓરલ કેન્સર માટે ૪૫ અને બ્રેસ્ટ તેમજ સર્વાઈકલ કેન્સર માટે ૯૫ લોકોનું સ્ક્રીનીંગ કરી રોગ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. જે દર્દીઓમાં શંકાસ્પદ લક્ષણો દેખાયા હતા તેમના સેમ્પલ કલેકટ કરી આગળની તપાસ તથા સારવાર માટે રાજકોટ અને અમદાવાદ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો.રાહુલ કોટડીયા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

'૧૪ જુન વિશ્વ રકતદાતા દિવસ': ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી આહવા દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીના કર્મયોગીઓએ 'વિશ્વ રકતદાતા દિવસ' નિમિત્તે શપથ ગ્રહણ કર્યા

કમલમ્ ન્યુઝ,આહવા:

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, આહવા તેમજ સિવિલ હોસ્પિટલ, આહવાના સંયુક્ત ઉપક્રમે તા.૧૪ જૂન 'વિશ્વ રકતદાતા દિવસ' અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું હતુ. આ પ્રસંગે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, આહવાના ઉપ પ્રમુખ શ્રી એ.જી.પટેલેરકતદાન અંગેની માહિતી આપી હતી. આહવાની સિવિલ હોસ્પિટલ ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં જાગૃત રકતદાતા તરીકે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.હિંમાશું ગામિત, આહવા સિવિલ હોસ્પિટલના મનોચિકિત્સકશ્રી ડો.અંકિત રાઠોડ સહિતના રકતદાતાઓએ રક્તદાન કરી, અન્યોને પણ રક્તદાન કરવાની અપીલ કરી હતી. દરમિયાનજિલ્લા સેવાસદન ખાતે 'વિશ્વ રકતદાતા દિવસ' નિમિત્તે કલેકટર શ્રી મહેશપટેલના અધ્યક્ષ સ્થાને, વહિવટી અધિકારી, કર્મચારીઓએ રક્તદાન કરવા અંગેના શપથ ગ્રહણ કર્યા હતા. 'વિશ્વ રકતદાતા દિવસ' નિમિત્તે ડાંગના કર્મયોગીઓએ જે શપથ ગ્રહણ કર્યા છે, તે અક્ષરશઃ આ મુજબ છે. 'હું ગુજરાતનો રહેવાસી ૧૪ મી જૂન 'વિશ્વ રક્તદાતા દિવસ' ના દિને, શપથ લઉં છું કે, હું મારુ રકત નિયમિત રૂપે દાન કરીશ. ભારતની વિશાળ રકતની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હું પણવચન આપુછું કેમારા પરિવાર, મિત્રો,સગા,સંબંધીઓ,સહયોગીઓ અને જનતાને નિયમિત સ્વૈચ્છિક રકતદાનની આવશ્યકતા વિશે લોકોમાં જાગૃકતા ફેલાવવાના પ્રયત્નો કરીશ. આની સાથેએ પણ વચન આપું છુ કે જ્યારે કોઈને પણ રકતની જરૂરિયાત પડશે, હું મારા ખર્ચ પર કોઈ પણ લોભ, લાલચ વગર,જાતિઅને ધર્મના ભેદભાવથી મુક્ત થઈને રકતદાન કરીશ.

મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે આર.ડી.એન.પી.પ્લસ દ્વારા એજ્યુકેશન સપોર્ટ પ્રોગ્રામ'નું આયોજન કરાયું

વિવિધ દાતાઓના સહયોગથી ૫૦ એચ.આઈ.વી./એઇડ્સગ્રસ્ત અને અસરગ્રસ્ત બાળકોને એજ્યુકેશન કીટ અર્પણ કરાઈ



કમલમ્ ન્યુઝ,

આર.ડી.એન.પી.પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીક્ટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ) સંસ્થા દ્વારા પોઝીટીવ લોકો તેમજ બાળકોને મદદરૂપ થઈ શકાય તે હેતુથી વિવિધ કાર્યક્રમો યોજવામાંઆવેછે. જેના ભાગરૂપે તારીખ ૧૩/૬/૨૦૨૪ ને ગુરુવારના રોજ મોરબી જિલ્લાના ૫૦ એચ.આઈ.વી./એઈડ્સગ્રસ્ત અને અસરગ્રસ્ત બાળકો માટે 'એજ્યુકેશન સપોર્ટ પ્રોગ્રામ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી મોરબી સિવિલ હોસ્પિટલના અધિક્ષકશ્રી ડૉ. પી.કે. દુધરેજીયા, જિલ્લા ક્ષય અધિકારીશ્રી ડો ધનસુખ અજાણા, સિવિલ હોસ્પિટલના મેડીકલ ઓફિસરશ્રી ડો. દિશા પાડલીયા, શ્રી સુરેશભાઈ-સીએસ.ઓ વગેરે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ જગદીશભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત બાળકોને ઉજળા ભવિષ્ય વિશે આશીર્વચન આપવામાં આવ્યા હતા. અન્ય ઉપસ્થિત મહાનુભાવોદ્વારા બાળકો સાથે ગોષ્ઠી કરી બાળકોને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમના સુવ્યસ્થિત આયોજન આર.ડી.એન.પી પ્લસ રાજકોટ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના વિવિધ દાતાશ્રીઓ જેવા કે, સીમ્પોલો ફાઉન્ડેશન મોરબી, દર્શનભાઈ કનેરીયા-મિડાસ સેનેટરીવર્સ પ્રા.લિ., મોરબી, ઈન્દુભાઈ વોરા-વોરા વેલ્ફેર ફાઉન્ડેશન, નરેન્દ્રભાઈ ઝીબા-મેનેજરશ્રી ફૂલછાબ માનવ સેવા ટ્રસ્ટ, હિરેનભાઈ ચાંગેલા-પેલીકન રોટોફ્લેક્સ પ્રા.લી., મનોજભાઈ જોબનપુત્રા-એચ.જે.સ્ટીલ, વિજયભાઈ-અજંતા સ્ટીલ કંપની, ઘોઘાબાપુ-ઈશ્વરીયા પોસ્ટ, લાભુભાઈ આલાભાઈ શેભલીયા, શીલાબેન કનારા, ઘનશ્યામસિંહ જાડેજા, સંદીપભાઈ કોટેચા, વૃંદાવન ડેરી, જાગૃતિબેન વિપુલભાઈ સટોડિયા-ગોંડલ વગેરે દાતાશ્રીઓનો ફાળોખુબ મહત્વનો રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આર.ડી.એન.પી.પ્લસ (રાજકોટ ડીસ્ટ્રીકટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઈડ્સ) સંગઠનની સ્થાપના ૩ માર્ચ ૨૦૦૫ ના રોજ એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા સમગ્ર રાજકોટ જિલ્લામાં એચ.આઈ.વી. સાથે જીવતા લોકોના લાભાર્થે કરવામાં આવી હતી. જેનો મુખ્ય ધ્યેય રાજકોટ જિલ્લામાંએચ.આઈ.વી./એઈડ્સ સાથે જીવતા લોકો માટે એક એવુ સક્ષમ અને સાનુકુળ વાતાવરણ ઉભુ કરવું કે જ્યા કોઈપણ જાતના ભેદભાવ વગર સારવાર તથા સંભાળ અને દવાઓ મળી રહે તેમજ તેમના માનવ અધિકારોનું રક્ષણ થાય. અને આ હેતુઓ સાથે આ સંસ્થા દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવીરહી છે.

આઈ.ટી.આઈ. કુબેરનગરની પ્રિ-પ્લેસમેન્ટ ઝુંબેશને મળ્યો વ્યાપક પ્રતિસાદ

પ્રિ-પ્લેસમેન્ટ ઝુંબેશમાં અગ્રગણ્ય ૮૦ જેટલી કંપનીઓના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સંસ્થાના ૩૭૫ જેટલા તાલીમાર્થીની કરી પસંદગી

પ્રિ-પ્લેસમેન્ટ ઝુંબેશમાં ૨૫ જેટલા તાલીમાર્થીઓને સૌથી વધુ પગાર રૂપિયા ૧૯૫૬૦/- ઓમેગા એલિવેટર્સ કંપની તરફથી અપાશે

'કુશળ બનો યોગ્ય બનો' ઉદ્દેશ સાથે ઉદ્યોગોને કુશળ માનવબળ પૂરું પાડતી આઈ.ટી. આઈ.કુબેરનગર

કમલમ્ ન્યુઝ,

આઈ.ટી.આઈ. કુબેરનગર યુવાનોમાં કૌશલ્યો (સ્કીલ)નો વિકાસ કરી 'કુશળ બનો યોગ્ય બનો'ના ઉદ્દેશ સાથે ઉદ્યોગોને કુશળ માનવબળની માગ પૂરી પાડી ઉત્પાદનની ગુણવત્તાની સાથોસાથ સામાજિક વિકાસ થકી દેશના વિકાસમાં સહભાગી બનવા પ્રયત્નશીલ છે.૧૯૫૭થી કાર્યરત આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે ૪૧ જેટલા ટ્રેડમાં ૪૦૦૦થી વધુ તાલીમાર્થીઓ તાલીમ મેળવી રહ્યા છે. આવા યુવા તાલીમ પૂરી થયે નોકરીથી વંચિત ન રહી જાય અને તરત જ ઉદ્યોગૃહો ખાતે નોકરીમાં જોડાઈ શકે, તે હેતુથી સંસ્થા ખાતે 'પ્રિ-પ્લેસમેન્ટ- ૨૦૨૪ નુંઆયોજન કરવામાંઆવ્યુંછે. આ ઝુંબેશમાં અમદાવાદ અને તેની આસપાસની કેમિકલ, સોલાર, પ્લાસ્ટિક, મિકેનિકલ,ઓટો, લિફ્ટ, આઈ.ટી., કમ્પ્યૂટર અને ઈલેક્ટ્રિકલ ક્ષેત્રે કામ કરતી અગ્રગણ્ય ૮૦ જેટલી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહી સંસ્થાના ૩૭૫ જેટલા તાલીમાર્થીઓને માસિક રૂપિયા પંદરથી વીસ હજારના પગારથી અને ૩૫ જેટલા તાલીમાર્થીઓને એપ્રેન્ટિસ તરીકે પસંદ કર્યા છે. આ પ્રિ-પ્લેસમેન્ટ ઝુંબેશમાં ૨૫ જેટલા તાલીમાર્થીઓને સૌથી વધુ પગાર રૂપિયા ૧૯૫૬૦/- ઓમેગા એલિવેટર્સ કંપનીઅમદાવાદ દ્વારા આપવામાં આવશે. ઉપરાંત, સંસ્થા ખાતે ચાલતી સ્કીલ વિષયક પ્રવૃત્તિઓથી શાળા કોલેજના વિદ્યાર્થીઓ વાકેફ થાય અને આઈ.ટી.આઈ. ખાતે જોડાઈને પોતાનાં કૌશલ્યોનો વિકાસ કરી નોકરી-ધંધો કરી પગભર થઈ શકે તે હેતુથી 'સમર સ્કીલ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં ધો.૮ કે તેનાથી વધુ ભણેલા વિદ્યાર્થીઓ માટે આઈ.ટી.આઈ. કુબેરનગર ખાતે એડમિશન પ્રક્રિયા પણ ચાલી રહી છે, એવું આઈટીઆઈ, કુબેરનગરના આચાર્યશ્રીની અખબારી યાદીમાં જણાવવામાંઆવ્યું છે.

સાપુતારા ખાતે શ્રી વૈભવ લક્ષ્મી પેટ્રોલિયમમાં ગેસ લીકેજ અંગેની મોકડ્રીલ યોજાઈ

કમલમ્ ન્યુઝ,આહવા

ગુજરાત રાજ્યમાં અવાર-નવાર બનતી આગની ઘટનાઓને ધ્યાને લઈ ગત તા.૧૧/૬/૨૦૨૪ના રોજ, ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા ખાતે શ્રીવૈભવ લક્ષ્મીપેટ્રોલિયમમાં ગેસ લીકેજ અંગેની ઘટનાનું મોકડ્રીલ યોજાય હતું. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગર દ્વારા જિલ્લા કક્ષાની કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ અને ગેસ લીકેજ અંગેની મોકડ્રીલ એન.ડી.એમ.એ. ની ગાઈડ લાઈન મુજબ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી યોજાઈ હતી. ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ મોકડ્રીલમાં નોટીફાઈડ એરીયા કચેરીના ચીફ ઓફિસર શ્રી મેહુલ ભરવાડ, ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસર શ્રી ચિંતન પટેલ, નાયબ મામલતદાર શ્રી જીગર પટેલ ડિઝાસ્ટર તેમજ ફાયર વિભાગ, પોલીસ વિભાગ, આરોગ્ય વિભાગ, ૧૦૮ તેમજ અન્ય લાઈન ડિપાર્ટમેન્ટનાં અધિકારી તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોકડ્રીલ દરમ્યાન ગેસ લીકેજ થતા પેટ્રોલપંપ ખાતેના ફરજ પરના સ્ટાફ દ્વારા આગ પર કાબુ મેળવવા, તથા આગથી ઘવાયેલ વ્યક્તિને રેસ્ક્યુ કરી પ્રાથમિક સારવાર આપાઈ હતી. તેમજ ૧૦૮ મારફત નજીકની હોસ્પિટલ ખાતે રીફર કરવા અંગેની વિગતવાર માહિતીથી સમજુત કરવામાં આવ્યા. મોકડ્રીલ બાદ તમામ લાઈન ડીપાર્ટમેન્ટના હાજર તમામ કર્મચારીઓને તથા પેટ્રોલ પંપ ખાતેના હાજર કર્મચારીઓને ફાયર સેફ્ટી વિશે, તેમજ આગની પરિસ્થિતિને પહોંચીવળવા માટે શુ કરવુ તથા શુ ન કરવુ, તે અંગે વિસ્તૃત માહિતી ડીસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ ઓફિસર શ્રી ચિંતન પટેલ દ્વારા આપવામાં આવી હતી.

સુરત જિલ્લાના માંડવી તાલુકાના બલેઠી ગામના પ્રગતિશીલ ખેડૂતે ઓછા ખર્ચે થતી પ્રાકૃતિક ખેતીમાં મેળવી સફળતા

ધો.૮ પાસ ખેડૂત વાલજીભાઈ ચૌધરીએ રાસાયણિક ખેતી છોડી જંગલ મોડેલ આધારિત પ્રાકૃતિક ખેતીનો માર્ગ અપનાવ્યો

જંગલ મોડેલ આધારિત મોડેલ ફોર્મ બનાવવા રાજ્ય સરકાર તરફથી રૂ.૧૩,૫૦૦ સહાય પ્રાપ્ત થઈ

કમલમ્ ન્યુઝ,

પ્રાકૃતિક ખેતીમાં પણ એક કદમ આગળ વધીને જંગલ મોડલ આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે મહત્તમ ઉત્પાદન સાથે બમણી આવક મળી રહી છેઃ ગાય આધારિત ખેતી કરતાં હોવાથી સરકાર તરફથી વર્ષે ગાય નિભાવ યોજના થકી રૂ.૧૦,૮૦૦ની સહાય મળી રહીછેઃ ? સરકારની ખેડૂતલક્ષી યોજના થકી ખેતરમા પાકને સારી રીતે પાણી મળી શકે એના માટે રૂ.૫ લાખના ખર્ચે બોરીંગ કરી પાકો પ્લાસ્ટરનો કુવો બનાવ્યો ? ખેતીના ઉપયોગ માટે રૂ.૧.૮૦ લાખના મિની ટ્રેક્ટરની ખરીદી પર સરકાર દ્વારા રૂ.૬૦ હજાર સબસિડી પ્રાપ્ત થઈ

ખેડૂત વાલજીભાઈ ચૌધરી

રાસાયણિક દવા અને યુરિયા ખાતરની ખર્ચાળ ખેતીને તિલાંજલિઆપીને ખેડૂતોહવે મોટી સંખ્યામાં પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યાં છે, ત્યારે સુરત જિલ્લાના માંડવી તાલુકાના બૂલેઠી ગામના ખેડૂત વાલજીભાઈ રાયાભાઈ ચૌધરીએ પ્રાકૃતિક ખેતીમાંપણ એક કદમ આગળ વધીને જંગલ મોડલ આધારિત પ્રાકૃતિક ખેતીશરૂ કરીને સફળતા મેળવીછે. ખેડ અને ખાતર વગરનીઆ પ્રાકૃતિક ખેતી કરનાર વાલજીભાઈએ સૌપ્રથમ બે એકર જમીનમાં પ્રયોગ કરી ધાર્યુ પરિણામ મેળવ્યું છે, ત્યારબાદ સતત સાત વર્ષથી જંગલ મોડેલ આધારિત ખેતી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. આ પદ્ધતિથીતેઓ નજીવાખર્ચમાં એક જ જમીનમાં ૨૦થી વધુ પ્રકારના પાકોનું ઉત્પાદન લઈને વાર્ષિક રૂ.૧૨ લાખથી વધુની આવક મેળવી રહ્યા છે. છેલ્લા સાત વર્ષથી જંગલ મોડલ આધારિત પ્રાકૃતિક ખેતી કરી સારોપાક, વધુ ઉત્પાદન અને વધુ આવક મળતા હર્ષ સાથે ખેડૂત વાલજીભાઈ ચૌધરીએ જણાવ્યું કે, નાનપણથી જ ખેતી પ્રત્યે લગાવ રહ્યો છે, જેમાં શાકભાજીની ખેતીમાં વધુરસ લેતો અનેશાકભાજીની માવજત જાતે જ કરતો. ધો.૮ સુધી અભ્યાસ કરી સીવણ ક્લાસમાં સીવણ શીખી દરજી કામ સાથે જોડાયો. જેના કારણે ખેતીમાંથી દૂર થયો. પરંતુ વર્ષ ૧૯૮૨માં દરજી કામ છોડી પરંપરાગત ખેતીકરવાનું નક્કી કરી ફરી એક વાર ખેતી તરફ વળ્યો. ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં ખેતીને લગતી વિવિધ શિબિરોમાંથી પ્રાકૃતિક ખેતીનુંમાર્ગદર્શન મેળવ્યું. આત્મા પ્રોજેક્ટની શિબિર થકી પ્રાકૃતિક ખેતીની પ્રેરણા મળી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં એક ગાય લાવી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. ખેડૂત વાલજીભાઈ ચૌધરી વધુમાં જણાવે છે કે,પહેલા રાસાયણિક ખેતીમાં આવક ન મળતાં જંગલ મોડેલ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો. જેમાં કોઈ ખેડ કર્યા વગર ખેતી કરવાની શરૂઆત કરી. આ ખેતીમાં બધા પાક એક સાથે વાવવાના હોય છે. જેથી મે ખેતરમાં એકસામટા ૨૦ થી ૨૫ પાકનું વાવેતર કર્યુ હતું. જેમાં અનાજ, કઠોળ, શાકભાજી, ફૂટની ખેતીનો સમાવેશ થાય છે. ફૂટની ખેતીમાં દાડમ, ચીકુ, જામફળ, સીતાફળની સાથે શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું છે. જુવાર, બાજરી, મકાઈ જેવા અનાજનું પણ વાવેતર કરી રહ્યો છું. સાથે ચોળી, મગ,અડદ જેવા કઠોળપાક પણ છે. સામૂહિક પાકનાકારણે ઉત્પાદન ખર્ચ ઓછો અને પ્રાકૃતિક ખેત પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન પણ વધુ મળી રહ્યુંછે. તેઓકહે છેકે, પ્રાકૃતિક કૃષિમાં થોડી વધુ મહેનત જોઈએ, બાકી ઉત્પાદન ખર્ચ તો નહિવત હોય છે.આ ખેતીના કારણે મહત્તમ અને બમણું ઉત્પાદન મળે છે, બમણીઆવક થાય છે. પર્યાવરણ અનેમાનવીય સ્વાસ્થ્યને રક્ષણ મળે છે, તેમજ પાણીની બચતથાય છે. આ ઉપરાંત, જમીનની ભેજ સંગ્રહશક્તિ પણ વધે છે. જેથી જમીન બંજર થતી નથી. પ્રત્યેક વર્ષમાં સારોપાક મેળવીશકાય છે. કરે છે.સરકાર દ્વારામળેલી આર્થિક સહાય વિશે વાત કરતા કહે છે કે, રાજ્ય સરકારની ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ થકી અમારા જેવા છેવાડાના ખેડૂતો આર્થિક રીતે પગભર બન્યા છે. જંગલ મોડલ આધારિત ખેતી માટેનું મોડેલ ફોર્મ બનાવવા સરકાર દ્વારા રૂ.૧૩,૫૦૦ની સહાય પ્રાપ્ત થઈ છે. ઉપરાંત, ખેતરમાં પાકને પૂરતું પાણી મળી શકે એ માટે રૂ.૫ લાખના ખર્ચે સરકારીયોજના હેઠળ બોરીંગ કરી પાકો આર.સી.સી. સ્ટ્રકચર વાળો કુવો બનાવ્યો છે. રૂ.૧.૮૦ લાખના મિની ટ્રેક્ટરની ખરીદી પર સરકાર દ્વારા રૂ.૬૦ હજાર સબસિડીપ્રાપ્ત થઈછે. ગાય આધારિત ખેતીમાં ઉત્પાદન વધુ મળ્યુંઃ

વાલજીભાઈએ બે એકર જમીનમાં નજીવા ખર્ચે ૨૦થી વધુ પાકોનું ઉત્પાદન કરી વાર્ષિક રૂ.૧૨ લાખની આવક ઉભી કરી

જમીનની ગુણવત્તા સુધરી

તેમણે ઉમેર્યુ કે, રાજ્ય સરકાર પ્રાકૃતિકખેતીને પ્રોત્સાહન આપવા દેશી ગાય નિભાવ ખર્ચ માટે મહિને રૂ.૯૦૦ની સહાય આપેછે, જેયોજનાનો લાભ હું પણ લઈ રહ્યો છું. ઉપરાંત આત્માના અધિકારીઓ પણ સમયાંતરે ખેડૂતોને પ્રાકૃતિક ખેતીનું ઉમદા માર્ગદર્શન આપેછે, જે સરાહનીય છે. હુંજાતે ગૌ-મુત્રઅને છાણમાંથી જીવામૃત અને ઘનજીવામૃતબનાવી ખેતીમાંવપરાશકરૂ છું. જેના કારણે જમીનની ગુણવત્તા પણ સુધરી છે. જંગલ મોડલ પ્રાકૃતિક ખેતીમાં ખેડાણનો ખર્ચ લાગતો નથીઃ .

વાલજીભાઈએ કહ્યું હતુ કે, જંગલ મોડલ પદ્ધતિમાંખેડ બિલકુલ કરવાનીહોતી નથી. આથી ખેતરમાં બળદ, ટ્રેક્ટર કેમાણસ રાખવાનો કોઈ જ ખર્ચો થતો નથી. દવાનો છંટકાવ કરવાનીપણ જરૂર પડતી નથી એક જખેતરમાંબધાજ પાકો (મિક્સ) એટલે કે ભેગા વાવવાના હોય છે. મારા બે એકરના ખેતરમાં જંગલ મોડેલ આધારિત પ્રાકૃતિક ખેતીમાં એક સાથે ૨૦ થી ૨૫ પાકો છે. જેમાં અનાજ, કઠોળ, શાકભાજી અને ફળ એમ બધા જ પાકો જોવા મળે છે. જેમાં ફળના પાકોમાં દાડમ, ચીકુ, જામફળ, સીતાફળ, અંજીર, આંબળા, મોસંબી, સંતરા, કેળ અને પપૈયા જેવા ફળના ૧૦ થી ૧૨ પાકો છે ખેતરની મુલાકાત લઈ લોકો માર્ગદર્શન લેવા આવે છે .

શાકભાજીના વાવેતરમાં રીંગણ, ટામેટાં, કોબિજ, ફુલાવર, પાલક, ખજૂર, ગલકા, દૂધી, ફુદીના અને કારેલા જેવા સીઝન પ્રમાણેના આ વિસ્તારમાં જોવા મળતા દરેક પ્રકારની શાકભાજીઓ છે. જ્યારે જુવાર, બાજરી અને મકાઈ જેવા અનાજ પણ છે અને કઠોળમાં ચોળી, ગવાર, મગ અને અડદ જેવા પાકો છે. અન્ય ખેડૂતો પણ મારા ખેતરની મુલાકાત લેવા માટે આવે છે.

અમદાવાદના કાંકરિયા તળાવ ખાતે પ્રિ-મોન્સુન અંતર્ગત પુર જેવી પરિસ્થિત પર મોકડ્રીલ યોજાઈ

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

ચોમાસા પૂર્વે એટલે કે પ્રિ-મોન્સુન તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ શહેરના કાંકરિયા તળાવ ખાતે પૂર/હેઝાર્ડ પર મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેનુંઆયોજન ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથેરિટી, જિલ્લા કલેકટર કચેરી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્તઉપક્રમે કરાયું હતું. સમગ્ર મોકડ્રીલમાં કાંકરિયા તળાવ ખાતે મુસાફરોની બોટ કેવી પાણીમાં પલટી જતા મુસાફરો તણાઈ જાય છે અને ત્યાં ઊભેલા સામાન્ય નાગરિકો દ્વારા ૧૦૮, પોલીસ વિભાગ, SDRF અને DEOC ને જાણ કરવામાંઆવે છે. ત્યારબાદ તમામ ટીમ ઘટનાસ્થળે પહોંચી ડૂબેલા લોકોનું રિસ્કયુ કરવામાંઆવેછે. રેસ્ક્યુ કરેલ લોકોને પ્રાથમિક સારવાર આપી નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવેછે. આવી રીતેસમગ્ર ઘટનાનું લાઈવ નિદર્શન કરવામાં આવે છે અને આમ,સફળતાપૂર્વક મોકડ્રીલ કરવામાં આવી. આ મોકડ્રીલ દરમિયાન વિવિધ વિભાગો દ્વારા બચાવ અને રાહત કામગીરીઓનું નિદર્શન યોજાયું હતું અને જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા હતા. આ મોકડ્રીલનો હેતુ કટોકટીના સંજોગોમાં વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક મદદ મળીતથા સબંધિત વિભાગો સતર્ક રહી જાનહાનિ અટકાવીઅસરગ્રસ્ત વ્યક્તિઓના જીવનની રક્ષા કરવાનો હતો. આ મોકડ્રીલમાંમામલતદાર ડિઝાસ્ટર કિંજલ ભટ્ટ,ડીપીઓ કિંજલ પંડ્યા, નાયબ મામલતદાર શ્રી વાય.સી. જાદવ, SDRF પી.આઈ. નરેશ પરમાર અને તેમનીટીમ, પ્રોજેકટ ઓફિસર, એએમસી હિમાંશુ સોલંકી, નાયબ મામલતદાર મણિનગર રવિરાજ દેસાઈ અને ૧૦૮ના સબંધિત કર્મચારીઓ હાજર રહ્યા હતા.

નર્મદા જિલ્લા સેવાસદન ખાતે "વિશ્વ રકતદાતા દિવસ" ની ઉજવણી કરાઈ

અધિકારી-કર્મયોગીઓએ રક્તદાન જાગૃત્તિના સામૂહિક શપથ લીધા

કમલમ્ ન્યુઝ,શૈશવરાવ નર્મદા

વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણીનો મુખ્ય આશય લોકોનેરકતદાન માટે જાગૃત કરવાનોછે. રકતદાનથી કેટલાંય લોકોને નવજીવન આપી શકાય છે. ત્યારે નર્મદા જિલ્લા સેવાસદનના પટાંગણમાં નાયબ કલેકટર (પ્રોટોકોલ) શ્રી એન.એફ.વસાવા અને જિલ્લા પુરવઠા અધિકારી શ્રી એસ.ડી.ચૌધરી સહિતના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા વિવિધવિભાગોના કર્મયોગીઓએ લોકોને રક્તદાન માટે પ્રેરિત કરવાતેમજ પોતેપણ રક્તદાન કરીને જરૂરિયાતમંદ લોકોને નવજીવન આપવાના સામૂહિક શપથ લીધા હતા.

મોરબી ખાતે 'વિશ્વ રકત દાતા દિવસ'ની ઉજવણી અનુસંધાને અધિકારીશ્રીઓ દ્વારા શપથ લેવાયા

રક્ત દાતાઓનો આભાર વ્યક્ત કરવા અને સ્વૈચ્છિક રક્તદાનને મહત્વ આપવા માટે કાર્યક્રમનું આયોજન કરાયું

કમલમ્ ન્યુઝ,મોરબી

૧૪ મી જૂન 'વિશ્વ રકત દાતા દિવસ'ની ઉજવણી અનુસંધાને સ્વૈચ્છિક રકતદાનને મહત્વ આપવા તેમજ રકત દાતાઓને પ્રોત્સાહિત કરવાબાબતે મોરબીજિલ્લા કલેકટરશ્રી કે.બી. ઝવેરીના ઉપસ્થિતિમાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે સર્વે અધિકારીશ્રી દ્વારા રકતદાન કરવા માટેનાશપથ લેવામાંઆવ્યા હતા. દર વર્ષે ૧૪મી જૂનના રોજ 'World Blood Donor Day'ની ઉજવણીકરવામાંઆવે છે. આ વર્ષે 'વિશ્વ રક્ત દાતા દિવસ'ની ઉજવણી માટે '20 Years ́કCelebrating Giving Thank You, Blood Donors' થીમ બનાવવામાં આવી છે. ત્યારે રક્ત દાતાઓનો આભાર વ્યક્ત કરવા તેમજ રક્તદાન માટે સ્વૈચ્છિક રક્તદાનને મહત્વઆપી પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે તમામ સરકારી કચેરીઓમાં સંકલ્પ લેવા માટેના કાર્યક્રમોની સમાંતર મોરબીજિલ્લા કલેકટર કચેરી ખાતે પણ સંકલ્પ લેવા માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી જે.એસ. પ્રજાપતિ, નિવાસી અધિક કલેક્ટરશ્રી એસ.જે. ખાચર તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમ સચિવે ઈપીએફઓ સુધારા પર સમીક્ષા બેઠકની અદ્યક્ષાતા કરી

કમલમ્ ન્યુઝ,

ભારત સરકારનાશ્રમ અને રોજગાર મંત્રાલયના સચિવ શ્રીમતી સુમિતા ડાવરાએ ૧૩મી જૂન ૨૦૨૪ના રોજ ઈપીએફઓમાં સુધારા અંગેની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં સીપીએફસી શ્રીમતી ડૉ. નીલમ શમી રાવ અને શ્રમ અને રોજગાર મંત્રાલય તથા ઈપીએફઓના અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા. શ્રીમતી ડાવરાએ દાવાઓની પતાવટને સ્વચાલિત કરવા અને દાવાની અસ્વીકૃતિને ઘટાડવા માટે ઈપીએફઓદ્વારા હાલમાંજ ભરેલા પગલાંની પ્રશંસા કરી. દાવાના ઝડપી નિકાલ માટે, ઈપીએફઓ દ્વારાબીમારી, શિક્ષણ, લગ્ન અને આવાસ માટે ૧ લાખ સુધીના એડવાન્સનું સ્વચાલિત સમાધાન લાગુ કર્યુ છે. લગભગ ૨૫ લાખ એડવાન્સ ક્લેમ ઓટો મોડ પર સેટલ કરવામાં આવ્યાછે. અત્યાર સુધીમાં પતાવટ કરાયેલા ૫૦%થી વધુ બીમારીના દાવાઓની પતાવટ ઓટો મોડ પર કરવામાં આવી છે. આનાથી દાવાઓની પતાવટની ઝડપ વધી છે અને તેમાંથી મોટી સંખ્યામાં હવે ૩ દિવસમાં પતાવટ કરવામાં આવી રહી છે. સભ્યોના કેવાયસી આધારલિંક્ડ એકાઉન્ટ્સ માટે અપલોડ કરાયેલ બેંક એકાઉન્ટની ચેકબુક/પાસબુકની જરુરિયાતને સમાપ્ત કરીદેવાઈ છે, જેનાકારણે છેલ્લાએક મહિનામાં લગભગ ૧૩ લાખ દાવાઓમાં ચકાસણીની જરૂરિયાતસમાપ્ત થઈ ગઈછે. ઈપીએફઓએઅધૂરા કેસો પરત કરવા અને અયોગ્ય કેસોને નકારવા માટે સભ્યોની સરળ સમજણ માટે ટિપ્પણીઓને પણ ઘટાડી અને તર્કસંગત બનાવી છે. ઓટો ટ્રાન્સફરની સંખ્યામાં પણ ત્રણ ગણો વધારો થયો છે અને એપ્રિલ-૨૪માં ૨ લાખની સંખ્યા વધીને મે-૨૦૨૪માં ૬ લાખ થઈ ગઈ છે. શ્રીમતી ડાવરાએ ઈપીએફઓને પ્રણાલીગત સુધારા માટે સક્રિય પગલાં ચાલુ રાખવાની સલાહ આપી છે. ઈપીએફઓ પોતાના એપ્લિકેશન સોફ્ટવેરને નવેસરથી તૈયાર કરવાની પ્રક્રિયામાં છે, જેમાંપ્રત્યેક સભ્ય માટે યુએએન આધારિત સિંગલ એકાઉન્ટિંગ સિસ્ટમ અને દાવાના ઝડપી પતાવટ માટે ન્યૂનતમ માનવ હસ્તક્ષેપ સાથે પ્રક્રિયાના પ્રવાહને સ્વચાલિત કરવાની પ્રક્રિયામાં સામેલ છે. નવું સોફ્ટવેર સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ્ડ કોમ્પ્યુટીંગ (સીડેક)ની સલાહ મુજબવિકસાવવામાં આવીરહ્યું છે. સમીક્ષા બેઠકમાં સામાજિક સુરક્ષાના વિસ્તરણની જરૂરિયાત અને જીવનની સરળતા અને વ્યવસાયમાં સરળતા માટે નવી પહેલની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. બેઠક દરમિયાન લિટિગેશન મેનેજમેન્ટ અને ઓડિટમાં ઓપરેશનલ રિફોર્મ્સનીપણ ચર્ચા કરવામાંઆવી હતી. શ્રીમતી ડાવરાએ અધિકારીઓને અસરકારક સામાજિક સુરક્ષા વ્યવસ્થા માટે નજીકના સંકલનમાંકામ કરવાનો આગ્રહ કર્યો.

બિપરજોયનું એક વર્ષઃ આ રીતે સરકારને મળી 'ઝીરો કેઝ્યુલ્ટી' સફળતા

૭૬ મલ્ટિપર્પઝ સાયકલોન શેલ્ટર્સનું નિર્માણ, ૧ લાખ ૫૬ હજારથી વધુ લોકોનું સ્થળાંતર

આપદા મિત્ર યોજના અંતર્ગત ડિઝાસ્ટર રિસ્પોન્સની તાલીમ, જનભાગીદારીથી ક્ષમતા નિર્માણની પહેલ

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર

વર્ષોથી આપદા વ્યવસ્થાપન મુદ્દે ભારતમાં કોઈ ગહન વિચારણા અને કામગીરીન થવાના લીધે, નાગરિકોને અપાર મુશ્કેલીઓ વેઠવી પડી છે. કુદરતના ફટકા સામે મનુષ્યની લાચારી દેખીતી હતી પણ નક્કર આયોજન અને દૂરંદેશી વિઝનના અભાવે, આ લાચારીમાં જાણે ઉમેરો થતો હતો. કુદરતી આફતો જે દેશ પર હંમેશા તલવારની જેમ લટકતી હોય, ત્યારે જરૂર હતી એક એવા વિઝનની, જે આપદા વ્યવસ્થાપનને સાચા અર્થમાંજમીન પર ઉતારે. વર્ષ ૨૦૦૧માં કચ્છમાંઆવેલા ઘાતકી ભૂકંપ બાદ માત્ર ૧૩ દિવસની અંદર જ, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની (GSDMA) રચના બાદ આપદા વ્યવસ્થાપનને ઝીરો કેઝ્યુલ્ટીના ઉદ્દેશ તરફ લઈ જવાની શરૂઆત થઈ ગઈહતી.

પશુઓઅને વન્યજીવોમાટેપણ ખાસઆયોજન

સરકારની સંવેદનશીલતા એ બાબત પરથીપણ સ્પષ્ટ થાય છે કે બિપરજોય સમયેગીરના સિંહોનારેસ્ક્યુ માટે પણ એસઓપી તૈયાર હતી. ગીર સિવાય કચ્છમાં નારાયણ સરોવર અભ્યારણ્ય, માતાના મઢ અને પોરબંદરના બરડામાં ખાસ રેસ્ક્યુ ટીમ તહેનાત કરવામાં આવી હતી. એશિયાટિક સિંહોને બચાવવા માટે નવ ડિવિઝનમાં ૫૮ કન્ટ્રોલ રૂમ બનાવીને ૧૮૪ ટીમની રચના કરવામાંઆવી હતી. હાઈટેક સિસ્ટમની મદદથી એક ટીમ સતત સિંહોનું ટ્રેકિંગ કરતી હતી. સિંહોનો રહેણાંક વિસ્તાર સાત નદીઓના પટમાં હોવાથી, પૂરના સમયે સિંહોના રેસ્ક્યુ માટે ખાસ ટીમો તૈયાર હતી. કચ્છ, દ્વારકા, જામનગર અને મોરબી જિલ્લામાંથી ૫૨ હજારથી વધુ પશુઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા હતા.

આપદા પહેલા નક્કર આયોજન, ગુજરાતનું મોડલ દેશમાં લાગુ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપદા વ્યવસ્થાપનની પ્રક્રિયા બદલી નાખી. જે રીતે આતંકવાદ અને સુરક્ષા સામે તેમણે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવીછે, તે જ રીતે આપદા વ્યવસ્થાપન મુદ્દે પણ તેમનો અભિગમ 'ઝીરો કેઝ્યુલ્ટી'નોછે. તેમણેઆપદાબાદ રાહત પહોંચાડવાની સાથોસાથ, આવનાર આપદાની પૂર્વતૈયારીઓ પર વિશેષ ભાર મુકયો અને છેવાડાના માનવી સુધી એ તૈયારીઓ પહોંચે, તે બાબત કેન્દ્રસ્થાને હતી. સરકારના તમામ વિભાગો વચ્ચેનું સંકલન સુદૃઢ કરવામાં આવ્યુ અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, વર્ષ ૨૦૦૩માં GSDMA એક્ટના માધ્યમથી આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળને વિશેષ સત્તાઓ આપવામાં આવી. હવે ગુજરાતનું આ મોડલ, દેશવ્યાપી લાગુ થઈ ગયું છે. આ મોડલના પ્રભાવી અમલીકરણથી વર્ષ ૨૦૨૩ના જૂન મહિનામાં આવેલા બિપરજોય વાવાઝોડા દરમિયાન ઝીરો કેઝ્યુલ્ટીની સફળતા મળી હતી. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં, એક ચોક્કસ કમ્યુનિકેશન પ્લાન, લાઈઝનીંગ, ફિલ્ડ સપોર્ટ, સ્થળાંતર માટે શેલ્ટર હોમની વ્યવસ્થા અને આપદા બાદની સ્થિતિની કામગીરી માટેનું ઝીણવટભર્યુ આયોજન કરવામાંઆવ્યું હતું.

ડેટા ડ્રિવન ડિસીઝન મેકિંગઃ ૧૭ દિવસમાં ૨ કરોડ ૬૪ લાખ મેસેજ મોકલ્યા

આપદામાં જાનહાનિ ટાળવામાં એક મહત્વપૂર્ણ બાબત સમયસર લોકોને કુદરતી આપદા વિશે સચોટ માહિતી પહોંચાડવાની હતી. આપદાસમયના અનુભવોથી સરકારના ધ્યાને આવ્યું છે કે જો અસરગ્રસ્ત વિસ્તારોમાંરહેતા લોકો સુધી સમયસર માહિતી પહોંચી જાય, તો તેમનું સ્થળાંતર સરળ બનીજાય છે.

બિપરજોય વાવાઝોડાં સમયે ગુજરાતમાંસ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) મારફતે, એક વિશેષ સૉફ્ટવેરની મદદથી તમામનેટવર્કના મોબાઈલ ધારકોને હવામાન વિભાગના અપડેટ મોકલવામાં આવ્યા હતા. બિપરજોયના સમય ગાળામાં ૧ જૂનથી ૧૭ જૂન ૨૦૨૩ દરમિયાન, ૨ કરોડ ૬૪ લાખ સંદેશ બનાસકાંઠા, કચ્છ, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, દ્વારકા, જામનગર, મોરબી અને જૂનાગઢના અસરગ્રસ્ત વિસ્તારોમાં તમામ મોબાઈલ ઓપરેટર્સના વપરાશકર્તાઓને મોકલવામાં આવ્યાહતા આ સમયે સરકારે એક નવીન પહેલ અંતર્ગત આ સંદેશા ટીવી પર પણ સ્ક્રોલ મેસેજ સ્વરૂપે પ્રસારિત કર્યા હતા. આ સંદેશા અંગ્રેજી અને ગુજરાતી બન્ને ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવ્યાહતા અનેલોકોને સમયસર માહિતી મળવાથી સ્થળાંતર સરળ બનીગયું હતું. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા ચોક્કસ ટ્રેકિંગ અને રિયલ ટાઈમ ડેટાથી સરકારને સમગ્ર મશીનરીને પ્રભાવિત વિસ્તારોમાં મોકલવામાં પણ સરળતા રહી હતી.

ઈન્ફ્રાસ્ટ્રકચરઃ ૭૬ મલ્ટિપર્પઝ સાયકલોન શેલ્ટર્સનું નિર્માણ

વાવાઝોડાંઓ સામે પૂર્વતૈયારીના ભાગરૂપે સૌથી જરૂરી બીજી વસ્તુ એ છે કે પ્રભાવિત વિસ્તારોના નાગરિકોને સુરક્ષિત સ્થળોએ લઈ જવામાં આવે. રાજ્યની જનતાને સુરક્ષિત રાખવા માટે રાજ્ય સરકારે દીર્ઘદ્રષ્ટિ વાપરીને દરિયાકિનારાના વિસ્તારોમાં ૭૬ અદ્યતન સુવિધાઓ ધરાવતા મલ્ટિપર્પઝ સાયક્લોન શેલ્ટર્સ (MPCS)નું નિર્માણ કર્યુ છે. બિપરજોય સમયે આ આશ્રયસ્થાનોના લીધે રાજ્યમાં ઝીરો કેઝ્યુલ્ટી જાળવવામાં મદદ મળી હતી. ૨૭૧ કરોડના ખર્ચે રાજ્યમાં ૧૦ જિલ્લાઓમાં આ ૭૬ મલ્ટિપર્પઝ સાયક્લોન શેલ્ટર્સનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં જૂનાગઢમાં ૨૫, ગીર સોમનાથમાં ૨૯, પોરબંદરમાં ૪, દેવભૂમિદ્વારકામાં ૪, કચ્છમાં ૪, અમરેલીમાં ૨, જામનગરમાં ૧, નવસારીમાં ૧, ભરૂચમાં ૫ અને અમદાવાદમાં ૧ શેલ્ટરનો સમાવેશ થાય છે. આ સિવાય સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંતર્ગત અલગ અલગ તાલુકાઓમાં ૨૨૧૩ સેફ શેલ્ટર સ્થળોની ઓળખ કરી હતી. આશ્રય સ્થાનોમાં કમ્યુનિટી કિચનની મદદથી નાગરિકોને ફ્રેશ ભોજન પ્રદાન કરવામાંઆવ્યું હતું. લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને મેડિકલ ટીમ દ્વારા આ શેલ્ટર હોમ્સની નિયમિત વિઝિટ કરીને આરોગ્ય તપાસ પણ કરવામાંઆવી હતી.

વાવાઝોડા પૂર્વે ટૂંક સમયમાં જ રાજ્ય સરકારનાપ્રયાસોથી ૧૦ જિલ્લામાંથી ૧૧૭૪ ગર્ભવતી મહિલાઓ, ૭૫૨૬ વૃદ્ધો, ૩૦૬૩૧ બાળકો સહિત કુલ ૧ લાખ ૫૬ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાંઆવ્યુ હતું.

આપદા મિત્રઃ જન ભાગીદારીથી ક્ષમતા નિર્માણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપદા વ્યવસ્થાપનને પ્રભાવીબનાવવા માટે તેમાં જનભાગીદારીપર પૂરતો ભાર મૂક્યો છે. આપદા વ્યવસ્થાપનની પ્લાનિંગના ભાગરૂપે આજે રાજ્યમાં ગામડાઓ સુધી લોકોને તાલીમ આપીને સજ્જ કરવામાંઆવી રહ્યાછે. વર્ષ૨૦૧૬માં NDMA દ્વારા 'આપદામિત્ર' યોજના જાહેર કરવામાં આવી હતી. આ યોજનાનો ઉદ્દેશ આપદાથી પ્રભાવિત થઈ શકે તેવા દરેક જિલ્લામાં વોલન્ટિયર્સને જરૂરી તાલીમ આપવાનો છે. આ યોજના અંતર્ગત ભારતના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧ લાખ કમ્યુનિટી વોલન્ટિયર્સને તાલીમ આપવાનો લક્ષ્યાંક છે જેમાંથી ગુજરાતના ૧૭ જિલ્લામાં ૫૫૦૦ આપદા મિત્ર તૈયાર કરવામાં આવ્યા છે. એસડીઆરએફ સાથે મળીને તેમને આપદા સમયે મદદરૂપ બનવા માટે જરૂરી તાલીમ આપવામાં આવી છે. તેમને ડિઝાસ્ટર રિસ્પૉન્સ માટે જીવન બચાવની જરૂરી સ્કિલ્સ, કોર્ડીનેશન, તેમજ આસિસ્ટન્સની તાલીમઅને ઈમરજન્સી રિસ્પોન્સ કિટ આપવામાં આવી છે. બિપરજોય સમયે ૩૮૩ આપદા મિત્રોએ એસડીઆરએફની ટીમ સાથે ગુજરાતના ૮ જિલ્લામાં સેવા આપી હતી. આ રીતે જનભાગીદારીનો વ્યાપ વધારીને લોકોને આપદાસામે વધુસુરક્ષિત કરવાનીદિશામાં આપહેલછે. સ્થાનિક કક્ષાએએક અનુભવી નેતૃત્વ પણ તૈયાર થઈ રહ્યુંછે, જે આગામી સમયમાંઆપદા વ્યવસ્થાપનમાં મદદરૂપબની રહેશે.

IIT ગાંધીનગર ખાતે ગ્રામીણ મહિલાઓ અને યુવાનો માટે કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો

૨૨૮ સહભાગીઓને એપ્રિલથી જૂન ૨૦૨૪ દરમિયાન, કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ NEEV દ્વારા હાથ ધરવામાં આવેલા છ કૌશલ્ય અભ્યાસક્રમો દ્વારા તાલીમ આપવામાં આવી હતી"

NEEV, IIT ગાંધીનગરના કોમ્યુનિટીઆઉટરીચ પ્રોગ્રામ, દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટની ભાગીદારીમાં, ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારોમાંથી આવતા યુવાનો અને મહિલાઓ માટે એપ્રિલથી જૂન ૨૦૨૪ દરમિયાન છ કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો સફળતાપૂર્વક ચલાવ્યા. આ અભ્યાસક્રમો દ્વારા ૨૨૮ સહભાગીઓને તાલીમ આપવામાં આવી હતી. સ્ટિચિંગ કોર્સમાં ૨૬ સહભાગીઓ, બ્યુટિશિયન કોર્સમાં ૩૬ સહભાગીઓ, બેઝિક કોમ્પ્યુટર કોર્સના બે બેચમાં ૯૧ સહભાગીઓ, સ્પોકન-ઈંગ્લિશ કોર્સમાં ૪૩ સહભાગીઓ, નેઈલ આર્ટ ડિઝાઈન કોર્સમાં ૩૨ સહભાગીઓ, ૧૩ જૂન, ૨૦૨૪ નારોજ યોજાયેલાસમાપન સત્રમાં પ્રમાણપત્રો પ્રાપ્ત થયા હતા.

NEEV કોઓર્ડિનેટર, સૌમ્ય હરીશે જણાવ્યું હતું કે, "IIT ગાંધીનગર, સમગ્ર દેશમાંથી શ્રેષ્ઠ દિમાગને પૂરી પાડતી પ્રીમિયર સંસ્થા હોવા છતાં, NEEV દ્વારા હાથ ધરવામાં આવેલા આવા પ્રોજેક્ટ્સ દ્વારા આસપાસના ગ્રામીણ સમુદાયોના લાભ માટે તેના સંસાધનોનો વિસ્તાર કરવામાં પણ વિશ્વાસ રાખે છે. આ અભ્યાસક્રમો દ્વારા, અછતગ્રસ્ત સમુદાયોની મહિલાઓ અને યુવાનો તેમની આજીવિકા, શિક્ષણ અને કારકિર્દીને આગળ વધારવા માટે જરૂરી કૌશલ્યો મેળવે છે’.શ્રીમતી જેની મૂના, આઈઆઈટી બોમ્બેમાંઆઈટી હેડ અને ડો. શિવપ્રિયા કિરુબાકરન, વિદ્યાર્થી બાબતોના ડીન અને રસાયણશાસ્ત્રના એસોસિયેટ પ્રોફેસર, આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ હતા. શ્રીમતી મૂના અને ડો.કિરુબાકરનબંનેએસહભાગીઓને અભિનંદન આપ્યા અને તેમના શિક્ષણ અને કારકિર્દીના બહેતર માટે કોર્સમાંથીશીખેલા કૌશલ્યોનો ઉપયોગ કરવાના મહત્વ પર ભાર મૂક્યો.

નીંવ વિશેઃ ૨૦૧૪થી, NEEV એ ગાંધીનગર અને અમદાવાદ વિસ્તારના ૩૦ નજીકના ગામો સહિત ૫૨૦૦ લાભાર્થીઓ માટે ૧૫૦થી વધુ પ્રોજેક્ટ્સઅને પ્રવૃત્તિઓહાથ ધરી છે. NEEV અનેક કૌશલ્યના અભ્યાસક્રમો ચલાવે છે જેમ કે સિલાઈ, બ્યુટિશિયન, બેઝિક કોમ્પ્યુટર, ડેટા-એન્ટ્રી અને ટાઈપિંગ, કોમ્પ્યુટર હાર્ડવેર, ટેલી સ્કીલ્સ, વેબસાઈટ ડીઝાઈનીંગ, સોશિયલ મીડિયા, ગ્રાફિક ડીઝાઈનીંગ, ચોકલેટ અને મીણબત્તી મેકિંગ, નેઈલ આર્ટ ડીઝાઈન, સ્પોકન-ઈંગ્લિશ, એન્ટરપ્રેન્યોરશીપડેવલપમેન્ટ, અને તેથીવધુ. NEEV માસિક સ્વાસ્થ્ય વ્યવસ્થાપન, કારકિર્દી વિકાસ કૌશલ્ય અને બેંકિંગ અને બચત જેવા વિષયોમાં જાગૃતિ સેમિનાર પણ યોજે છે. પાલજ, બાસણ, ચિલોડા, ડભોડા, પ્રાંતીયા, મગોડી, રતનપુર, કોલાવડા, આલમપુર, ધોળાકુવા, લેકાવાડા, પેથાપુર, ચેલા, લવરપુર, નવા ધરમપુર, બોરીજ, મોટા ઈસનપુર, રામપુરા, ચંદ્રાલા, ઢોલરાણા વાસણા જેવા ગામોની મહિલાઓ અને યુવાનો. ધાનપ, શાહપુર, વડોદરાગામ, વાવોલ, ભૂંડિયા અને ગાંધીનગર અને અમદાવાદ શહેરમાંનજીકના પેરી-અર્બન વિસ્તારોએ આ પ્રોજેક્ટ્સમાં ભાગલીધો છે.

ઉપરાષ્ટ્રપતિએ જેસલમેરમાં બીએસએફ સૈનિક સંમેલનને સંબોધન કર્યું

ઉપરાષ્ટ્રપતિએ સૈનિકોને કહ્યું કે, "તમારી વચ્ચે આવ્યા પછી હું એક નવી ઊર્જાનો અનુભવ કરી રહ્યો છું, આ ક્ષણ મારા માટે હંમેશા યાદગાર રહેશે"

હું એ માતાઓને પણ નમન કરું છું જેમણે તમારા જેવા બહાદુર દીકરા-દીકરીઓને જન્મ આપ્યો અને દેશની સુરક્ષા માટે સમર્પિત કર્યા - ઉપરાષ્ટ્રપતિ

કમલમ્ ન્યુઝ,
ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખરે આજે જેસલમેરમાં બીએસએફ સૈનિક સંમેલનને સંબોધન કરતાં સૈનિકોને જણાવ્યું હતું કે, તમારી વચ્ચે આવ્યા પછી હું એકનવી ઊર્જાનોઅનુભવ કરી રહ્યો છું અને આ ક્ષણ મારા માટે હંમેશા યાદગાર બની રહેશે. પોતાના વિદ્યાર્થી જીવનને યાદ કરતા શ્રી ધનખરે કહ્યું, "હું સૈનિક સ્કૂલ ચિત્તોડગઢનો વિદ્યાર્થી રહ્યો છું. મેં પાંચમા ધોરણમાં ગણવેશ પહેર્યો હતો. હું ગણવેશની શક્તિ અને મહત્વ જાણું છું. મેં મારા બાળપણમાંજોયુંછે કેએક ગણવેશ અચાનક તમને કેવીરીતેપરિવર્તિત કરે છે." બોર્ડરસિક્યોરિટી ફોર્સના જવાનોના સમર્પણનીપ્રશંસા કરતા તેમણે કહ્યું કે, "હું તમને જોઈને અભિભૂત થઈ ગયો છું! દેશની પ્રથમ હરોળની રક્ષા - સીમા સુરક્ષા દળ પોતાની ફરજો ઉત્કૃષ્ટ રીતે નિભાવી રહ્યું છે. તમારું કાર્ય ખૂબ વખાણવાલાયક અને પ્રશંસનીય છે.'' ઉલ્લેખનીય છે કે ગઈકાલે સાંજે ઉપરાષ્ટ્રપતિએ જેસલમેરમાં બીએસએફની બાવલિયાવાલા બોર્ડર ચોકીની મુલાકાત લીધી હતી અને ત્યાં તૈનાત સૈનિકો સાથે મુલાકાત કરી હતી. આ પ્રસંગે, તેમણે 'તનોટ વિજય સ્તંભ' ખાતે કૃતજ્ઞ રાષ્ટ્ર વતી અમર શહીદોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરી હતી. કપરા સંજોગોમાં ફરજ બજાવતા બીએસએફના જવાનોના શૌર્યને બિરદાવતા શ્રી ધનખરે જણાવ્યું હતું કે, આવી કાળઝાળ ગરમીમાં થોડી મિનિટો માટે પણ ઊભા રહેવું મુશ્કેલ છે. ચારે બાજુનું વાતાવરણ પડકારજનક છે અને તમારી પાસે સરહદ પર આંખો પટપટાવવાનો પણ સમય નથી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, હિમાલયના ઊંચા પર્વતો, થારના આકરા રણ, પૂર્વોત્તરનાગાઢ જંગલો અને કળણવાળી રણ ખાડીમાં બીએસએફના જવાનોની સતર્કતા અજોડ છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સરહદ સુરક્ષા દળના સૈનિકો દરેક ક્ષણે "આજીવન ફરજ" ના તેમના સૂત્રને પૂર્ણ કરી રહ્યા છે. પોતાના પરિવારોના બલિદાનને યાદ કરતા શ્રી ધનખરે કહ્યું હતું કે, "આજે હું એ માતાઓનેસલામ કરું છું જેમણે તમારા જેવા બહાદુર પુત્રો અને બહાદુર મહિલાઓનેજન્મ આપ્યો છે અને તેમને રાષ્ટ્રની સેવા માટે સમર્પિત કર્યા છે."સંરક્ષણ દળોમાં મહિલાઓની વધતી ભાગીદારીનો ઉલ્લેખ કરીનેઉપરાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, આપણે પ્રજાસત્તાક દિને ફરજનાં માર્ગે ભારતનું બદલાતું ચિત્ર જોયું છે, જયાં આપણી દિકરીઓએ પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું. અહીં તેમની ભાગીદારી જોઈને મને ખૂબ જ આનંદ થયો. રાષ્ટ્રની રક્ષા માટે પોતાના જીવનનું બલિદાન આપનારા અમર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા શ્રી ધનખરે કહ્યું હતું કે, "હું એ રક્ષકોને સલામ કરું છું, જેઓ આજે આપણી વચ્ચે નથી, જેઓ ભારત માતાની રક્ષામાં પોતાના જીવનનું બલિદાન આપીને અમર થઈ ગયા છે. હું તે બહાદુર સૈનિકોના પરિવારોને પણ નમ્રતાપૂર્વક સલામ કરું છું.'' રક્ષા ક્ષેત્રમાં ભારતની વધી રહેલી આત્મનિર્ભરતાનો ઉલ્લેખ કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે એક સમય હતો જ્યારે નખ પણ આયાત કરવામાં આવતા હતા પરંતુ હવે આપણે રક્ષા ઉપકરણોની નિકાસ કરી રહ્યા છીએ. દેશમાં એરક્રાફ્ટ કેરિયર વિક્રાંતનું નિર્માણ કરવામાં આવ્યું, દેશમાં ફ્રિગેટ્સ બનાવવામાં આવ્યા, તેજસ બનાવવામાં આવ્યા, મિસાઈલ બનાવવામાં આવી અને આ શક્ય બન્યું કારણ કે તમે સરહદો પર શાંતિ જાળવી રાખો છો. તેમણે બીએસએફના જવાનોને કહ્યું કે તમે શાંતિના દૂત છો; તમારા કારણે જ ભારત દુનિયામાં શાંતિનો સંદેશવાહક છે અને ગર્વની વાત એ છે કે બીએસએફ વિશ્વની સૌથી મોટી બોર્ડર ગાર્ડિંગ ફોર્સ છે. અને હું એક નવીપ્રેરણા લઈને અહીંથી ઊર્જાવાન બનીને જઈ રહ્યો છું. દેશના વિકાસમાં બીએસએફની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તમે અહીં સરહદ પર તૈનાત છો, જેના કારણે ભારતીયો સુરક્ષિત વાતાવરણમાં સૂઈ શકે છે અને તે તમારા ધૈર્ય અને પરાક્રમનું પરિણામ છે કે દરેક ભારતીય નિર્ભયતાથી અને આત્મવિશ્વાસથી દેશના સર્વાંગી વિકાસ માટે કામ કરી રહ્યો છે. ઉપરાષ્ટ્રપતિએ ઘૂસણખોરી, દાણચોરી વગેરે જેવા ગુનાઓ મારફતે સરહદી વિસ્તારોને અસ્થિર કરવાના દેશના દુશ્મનો દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને અસરકારક રીતે નિષ્ફળ બનાવવા બદલ સીમા સુરક્ષા દળની પ્રશંસા કરી હતી. તેમણે આ પડકારોનો સામનો કરવા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવા પણ અપીલ કરી હતી. આ પ્રસંગે બીએસએફના મહાનિદેશક ડૉ. નીતિન અગ્રવાલ, બીએસએફ વેસ્ટર્નકમાન્ડના એસડીજી શ્રી વાય બી ખુરનિયા, જેસલમેર બીએસએફના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ શ્રી વિક્રમ કુંવર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓપ.બેંક લિ.ની અનાવલ શાખાના નવા મકાનનું ઉદ્દઘાટન કરતા વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ તથા સુરત જિલ્લા સહકારી સંઘના પ્રમુખ ભીખાભાઈ પટેલ

કમલમ્ન્યુઝ,મયુર પટેલ
સતત પ્રગતિના પંથે આગળ વધી રહેલી ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓપ.બેંક લિ.ની મહુવા તાલુકાના અનાવલ શાખાના નવા મકાનનું ઉદઘાટન વન અને પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ તથા સુરત જિલ્લા સહકારી સંઘના પ્રમુખશ્રી ભીખાભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. અનાવલ શાખા કોસ, ગાંગડીયા, લસણપોર, તર્કની, દાઉતપોર, અનાવલ, હલદવા, આંગલધરા, કુમકોતરઅને વહેવલ ગામોની સહકારી મંડળીઓ તથા ઉમરા અને વહેવલ સહિતના ૧૪ જેટલા ગામોના ૩૦ હજાર ગ્રાહકોને અવિરત બેંકિંગ સેવાઓ આપી રહી છે. હાલમાં આ શાખા રૂ. ૮૬ કરોડની ડિપોઝીટ ધરાવે છે. આપ્રસંગે જિલ્લાપંચાયતના પ્રમુખ શ્રીમતી ભાવિની પટેલ, ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઈ, ધારાસભ્ય શ્રીમોહનભાઈ ઢોડિયા, સુરત-તાપી જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિ.ના પ્રમુખ માનસિંહભાઈ પટેલ, ડિસ્ટ્રીક કો.ઓપ.બેંકના ચેરમેનશ્રી બળવંતભાઈ પટેલ તથા બેંકના અધિકારીઓ, બેંકના ખાતેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વઢવાણના ઘરશાળા અર્બન હેલ્થ સેન્ટર ખાતે કિશોરીઓમાં હિમોગ્લોબીનની તપાસણી અંગે કેમ્પ યોજાયો

કિશોરીઓને ફોલિક એસિડની ટેબ્લેટ અને ઓ.આર.એસ.નું વિતરણ કરાયું

કમલમ્ ન્યુઝ,સુરેન્દ્રનગર
સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ ખાતે આંગણવાડીઓના સહયોગથી ઘરશાળા અર્બન હેલ્થ સેન્ટરખાતે કિશોરીઓમાં હિમોગ્લોબીનની ઉણપ અંગે ચકાસણી કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૪૦ જેટલી કિશોરીઓના હિમોગ્લોબીનની તપાસ મેડીકલ ઓફિસર દ્વારા કરવામાં આવી હતી. તદ્ઉપરાંત કિશોરીઓને ફોલિક એસિડની ટેબ્લેટ તેમજ ઓ.આર.એસ.નું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ફીમેલ હેલ્થ વર્કર નિમિષા પરમાર, આંગણવાડી કાર્યકર મોનાબેન મોદી, આશા વર્કર દર્શનાબેન, હંસાબેન લકુમ, કાર્યકર બહેનો સહીત કીશોરીઓએ લાભ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, કિશોરીઓમાં પોષક તત્વોની ઉણપના કારણે જેમ કિશોરીઓની આયુમાં વધારો થાય તેમ શરીરના આંતરીક અંગોનો વિકાસ થતો નથી અને પરિણામે કિશોરીઓ શારીરીક સ્થુળતાનો ભોગ બને છે. કિશોરીઓનો શારીરિક વિકાસ સારી રીતે કોઈ પણ ઉણપ વિના થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આંગણવાડીઓના માધ્યમથી આરોગ્ય તજજ્ઞો દ્વારા કિશોરીઓના હિમોગ્લોબીનની ઉણપ અંગે ચકાસણી માટે સમયાંતરે કેમ્પનું આયોજન કરવામાં આવતું હોય છે.

વ્યારા સુગરમાં ૩.૫૦ લાખથી ૪.૦૦ લાખનાં લક્ષ્યાંક સાથે માનસિંહ પટેલ દ્વારા રોલર પૂજા વિધિ કાર્યક્રમ યોજાયો

કમલમન્યુઝ,મયુર પટેલ
તાપી જિલ્લાની એક માત્ર જીવાદોરી સમાન વ્યારા સુગર ફેક્ટરી શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. ખુશાલપુરા, તા. વ્યારા, જિ. તાપી જે વર્ષોથી બંધ રહેતા તાપી જિલ્લાનાં શેરડી પકવતા ખેડૂતોઓ ખુબ નજીવા ભાવે વેપારી કે અન્ય સુગર ફેક્ટરી કે ગોળનાં કોલામાંઆપવા મજબુર હતા.

જેનાથી ખેડુતોને કરોડો રૂપિયાનું નુકશાન થવા પામેલ છે. રાજય સરકારશ્રીનાં આર્થિક મદદ અને કસ્ટોડીયન કમિટીની રચના કરતા મહુવા સુગર અને સુમુલનાં પ્રમુખશ્રી માનસિંહભાઈ કે. પટેલની પ્રમુખની વરણી કરતાં બંધ પડેલ ફેક્ટરીને ફરીથી ચાલુ કરી ગત વર્ષ ૧.૦૦ લાખથી વધુનું પિલાણ કરી વ્યારા સુગર પ્રત્યે અને માનસિંહભાઈ કે.પટેલનાં વહીવટ ઉપર ફરીથી વિશ્વાસ ઉભો થતાં પિલાણ સિઝન ૨૦૨૪-૨૫ માં ૩.૫૦ લાખથી ૪.૦૦ લાખનો શેરડી પિલાણનો લક્ષ્યાંક રાખવામાં આવતાં સંસ્થાનાં દફતરે ૧૫,૦૦૦ એ.ગુ. રોપણ અને ૬,૦૦૦ એ.ગુ. લામ મળી કુલ ૨૧,૦૦૦ એ.ગુ. ની નોંધણી થયેલ છે. આમ ૪.૦૦ લાખથી વધુનાં શેરડી પિલાણનાં લક્ષ્યાંક પુર્ણ કરવા ફેક્ટરી પ્લાન્ટમાં રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સની કામગીરી ખુબ ઝડપથી થઈ રહી છે. તા. ૧૪/૦૬/૨૦૨૪ નાં રોજ વ્યારા સુગરનાં પ્રમુખશ્રી માનસિંહભાઈ કે. પટેલનાં હસ્તે રોલર પૂજા વિધિનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. માનસિંહ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે આપણે ચોકકસપણે સફળ થશે અને આ મોટા પ્રમાણમાં શેરડી પિલાણ થાય તેવા પ્રયત્નો કરતા ખેડુતોનો ખુબ સારો પ્રતિભાવ જોવા મળતા ૪.૦૦ લાખથી વધુ શેરડી પિલાણ કરવાનો લક્ષ્યાંક પુર્ણ કરવા કટીબધ્ધ છીએ અને વિરોધીઓની મનોપોલી તોડીને ફરીથી વ્યારા સુગર ફેક્ટરીને ધમધમતી કરવાનાં ઈરાદા સાથે કામ કરવા જણાવ્યુ. ત્યારબાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં કસ્ટોડીયન કમિટીનાં સભ્ય શ્રી ઘનશ્યામભાઈ પટેલ, અશોકભાઈ ગામીત, પ્રજ્ઞેષભાઈ ગામીત, મેનેજીંગ ડીરેકટરશ્રી રવિન્દ્રસિંહ ચૌહાણ, માજી. મેનેજીંગ ડિરેકટરશ્રી અર્જુનભાઈ પટેલ, મહુવા સુગરના ઉપપ્રમુખશ્રી બલ્લુભાઈ પટેલ, મહુવા સુગરનાં મેનેજીંગ ડીરેકટરશ્રી અને સ્ટાફ, માજી. જિલ્લા પ્ર. અર્જુનભાઈ ચૌધરી, મહામંત્રીશ્રી રાજેશભાઈ તેમજ સંસ્થાનાં કામદારો તથા ખેડુતોહાજર રહ્યા.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે બાવળા ખાતે આવેલા ઈ-રેડિયેશન પ્લાન્ટની મુલાકાત લીધી

ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ (ઈ -રેડીએશન પ્લાન્ટ) દ્વારા ચાલુ વર્ષે ૨ લાખ ૩ હજાર કિલો કેરીનું ઈ- રેડીએશન કરીને તેની વિદેશમાં નિકાસ થઈ : કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,
અમદાવાદના બાવળા ખાતે આવેલી ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ (ઈ-રેડીએશન પ્લાન્ટ)ની કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડી.એચ. શાહ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ મુલાકાત દરમિયાન કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે કહ્યું કે, અમદાવાદ નજીક બાવળા ખાતે રાજ્યસરકાર દ્વારા વર્ષ ૨૦૧૪માં ૨૦ કરોડના ખર્ચે ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટની સ્થાપના કરવામાં આવી હતી.

આ ઈ-રેડિયેશન પ્લાન્ટને કારણે ગુજરાતના ફળો, ડુંગળી અને મસાલાની વિદેશોમાં નિકાસ ઝડપથી થઈ રહી છે. એટલું જ નહિ આ ઈ-રેડિયેડશન થવાને કારણે ફળોઅને શાકભાજીનું આયુષ્ય વધે છે તેમજ રોગપ્રતિકારક શક્તિમાં પણ વધારો થાય છે. મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૨ લાખ ૩ હજાર કિલો કેરીની ઈ-રેડિયેશન પ્રોસેસ હાથ ધરીને નિકાસ કરવામાં આવી છે. આવનારા દિવસોમાં કચ્છની કેરીનું પણ ઈ-રેડિયેડશન કરીને તેની નિકાસ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૨માં યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર-એનિમલ એન્ડ પ્લાન્ટ હેલ્થ ઈન્સ્પેક્શન સર્વિસ (USDA-APHIS) દ્વારા મંજૂરી મળતાંઆ યુનિટ ગુજરાતનું સૌપ્રથમ અને દેશનું ચોથું USDA-APHIS સર્ટિફાઈડ ઈ-રેડિયેશન યુનિટ બન્યું છે. ગુજરાતનું આવું સૌપ્રથમ સરકારી યુનિટ છે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028